દર માસની ૫મી તારીખે પ્રકાશિત


RNI No. GUJGUJ/1998/4459. Permitted to post at Ahd PSO
On 5th every month under postal Regd. No. GAMC 1375
2015-17 issued by SSP Ahmedabad-9 Valid Upto 31-12-2017

ISSN 2321 6999





## ગુજરાતી વિશ્વકોશ ગ્રંથશ્રેણી

ગુજરાતી ભાષા, સાહિત્ય અને એની અસ્મિતાને ઉજાગર કરતી દરેક સંસ્થા, ગ્રંથાલય અને વ્યક્તિએ વસાવવા જેવા ૧૦૦૦ પાનાંનો એક એવા ૧ થી ૨૫ ગ્રંથો (‘અ’ થી ‘હ’ સુધી)માં ૧,૭૦૦ થી વધુ વિદ્વાનો અને લેખકોએ લખેલાં ૧૬૯ વિષયોના ૨૩,૦૦૦થી વધુ લખાણોનો સમાવેશ સવા કરોડથી વધુ શબ્દસંખ્યા અને અદ્યતન માહિતી ધરાવતો પ્રમાણભૂત વિશાળ જ્ઞાનસંચય

(રૂ. ૨૦,૮૦૦/- ની કિંમતના ગ્રંથો ૧૫,૬૦૦/- માં મળશે.)




## ગુજરાતી બાળવિશ્વકોશ

ગુજરાત બાળવિશ્વકોશ (ભાગ ૧ થી ૫)

સાહિત્ય-કળા અને સામાન્ય જ્ઞાનનાં લગભગ સર્વ ક્ષેત્રોની માહિતી આપતો આ જ્ઞાનકોશ ૧૧૬૪ અધિકરણો અને ૨૪૫૫ ચિત્રો અને તસવીરોથી સુશોભિત છે. જુદા જુદા ૭૩ જેટલા વિષયો પર પ્રમાણભૂત માહિતી ધરાવતો આ બાળવિશ્વકોશ બાળ-કિશોરો માટે અનોખી ભેટ છે. તે સુંદર બહુરંગી ચિત્રો અને તસવીરોથી સુશોભિત છે. જિજ્ઞાસાથી ઊભરાતાં બાળ-કિશોરો માટે આ અનોખી ભેટ પુરવાર થશે.

(કુલ કિંમત ૪,૦૦૦/- રૂ. છે જે ૨૫ % વળતરથી મળશે.)

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનાં પ્રકાશનો

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા વિવિધ ગ્રંથ શ્રેણી અંતર્ગત વિવિધ વાચનસામગ્રી ધરાવતાં ‘ગુજરાત’, ‘ભારત’, ‘કૅન્સર’, ‘માનવજનીન વિજ્ઞાન’, ‘પર્યાવરણ સંહિતા’ વગેરે ૬૮ જેટલાં પુસ્તકો પ્રકાશિત થયાં છે.

**આ પ્રકાશનો ૨૫ % વળતરથી ઉપલબ્ધ થશે.**

મુખ્ય વિક્રેતા અને પ્રાપ્તિસ્થાન
ગૂર્જર એજન્સીઝ. રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન : ૨૨૧૪૪૬૬૩, ૨૨૧૪૯૬૬૦

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ



# વિશ્વવિહાર

વર્ષ : 17 * અંક : 9 * જૂન 2015 * કિં. ₹ 10



કળાકાર, કળામર્મજ્ઞ અને કળાગુરુ
શ્રી કે. જી. સુબ્રહ્મણ્યન્



કે. જી. સુબ્રહ્મણ્યન્‌ની કલાકૃતિ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી કુમારપાળ દેસાઈ,
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી ઑફસેટ, બારડોલપુરા, દરિયાપુર દરવાજા બહાર, અમદાવાદ ૩૮૦ ૦૦૪

◆

email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org

છૂટક કિંમત રૂ. ૧૦/-, વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦/-, ત્રણ વર્ષનું લવાજમ રૂ. ૩૦૦/-

લવાજમઃ 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.

[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]





આ પક્ષીનો રંગ શા કારણે ?



'શું આપણે બ્લૅક હોલને જોઈ શકીએ ?' વિશે જાણીતા ખગોળવિદ પંકજ જોષી



'નાટ્યપ્રસ્તુતિનો કસબ' વિશે અર્ચન ત્રિવેદી



'ચાલો, માનસિક શાંતિની શોધમાં' વિશે હંસલ ભચેચ

## સૃષ્ટિનો બહુરૂપી વેશ

# કે. જી. સુબ્રહ્મણ્યન્‌ની કલાયાત્રા

*(૨૭ જૂન ૨૦૧૫ના રોજ સાંજે શ્રી કે. જી. સુબ્રહ્મણ્યન્‌ને શ્રી ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ અર્પણ થવાનો છે તે નિમિત્તે લખાયેલો ખાસ લેખ.)*

'મણિદા', 'મણિસાહેબ' કે 'મણિસર' એવા હુલામણા નામે વિશાળ વિદ્યાર્થીવર્ગમાં અને 'કે.જી.'ના નામે કળા-વર્તુળોમાં ઓળખાતા કળાકાર, કળામર્મજ્ઞ અને કળાગુરુ, કલપાતી ગણપતિ સુબ્રહ્મણ્યન્‌નો જન્મ ઈ. સ. ૧૯૨૪માં કેરળના પાલઘાટ જિલ્લાના કલપાતી પ્રદેશના તમિળ અગ્રહારમાં થયો હતો. ધારવાડ હિન્દુસ્તાની સંગીતનું થાણું એમ કલપાતી કર્ણાટકી સંગીતનું ધામ, ત્યાંથી મોટા ગજાના સંગીતકારો નીકળ્યા છે. દાયકાઓ બાદ, સુબ્રહ્મણ્યન્ હવે 'હૅરિટેજ'માં ગણાતા કલપાતીના અગ્રહારની મુલાકાતે ગયા ત્યારે ઘર તો ઓળખાયું નહિ પણ બાળપણમાં રમેલા એ મંદિરનો રથ અકબંધ મળ્યો ! રેવન્યૂ ઇન્સ્પેક્ટર પિતા ગણપતિ અય્યર અને મા અલમેલુનું એ આઠમું સંતાન (એમાંના ચાર તો એ ગાળે જ મૃત્યુ પામ્યા હતા). નાનપણથી જ તબિયત નાજુક એટલે સુબ્રહ્મણ્યન્‌નું શરૂઆતનું ભણતર ઘેર બેઠા જ થયું. થોડાં વરસો બાદ કુટુંબ ફ્રેન્ચ હકૂમતના માહેમાં વસ્યું. ત્યાં એમને ચોથા ધોરણમાં સીધો પ્રવેશ મળ્યો, કારણ કે શાળામાં ભણાવાતું એ બધું એ શીખી ગયેલા ! મૂળે તો વાચનભૂખ એટલી તીવ્ર કે ત્યારબાદના શાળા-ગાળે એમણે ઘણું ઉથલાવી નાખેલું અને મૅંગ્લોરની ઍલોઇસિયસ કૉલેજના ઇન્ટરમીડિયેટનું ભણવા ગયા ત્યાં સુધીમાં માર્ક્સથી માંડીને ગાંધીજી અને વિવેકાનંદથી માંડીને રવીન્દ્રનાથ સુધ્ધાં પચાવી ગયેલા. આગળ વધતા કુમારસ્વામીનું બીજરૂપ પુસ્તક 'મેડિવલ સિંહાલીઝ આર્ટ' વાંચીને ખૂબ પ્રભાવિત થયેલા. એ ગાળે પહેલેથી જ એમનું મન ગાંધીજી તરફ ઢળ્યું હતું. ત્રીસીના ગાળે ગાંધીજીએ તૈયાર કરેલ તેર મુદ્દાનો સમાજકલ્યાણનો ખરીતો એમને આજના સંજોગેય મૂલ્યવાન લાગે છે. શાળા દરમિયાન એમને સ્વાતંત્ર્યની લડતના કર્મશીલો ભેટ્યા. અંગ્રેજી હકૂમતથી છુપાઈ એ ફ્રેન્ચ વસાહતમાં ભૂગર્ભ પ્રવૃત્તિઓ કરતા તેમાં સુબ્રહ્મણ્યન્ સામેલ થતા. ત્યારબાદ ચેન્નાઈની પ્રેસિડેન્સી કૉલેજમાં અર્થશાસ્ત્ર ભણતી વેળા હડતાળ પડાવવામાં સરદારી લીધેલી. એક વાર ધરપકડ માટે પોલીસ આવી ત્યારે પેપ્વર્થ નામના સ્કોટિશ પ્રિન્સિપાલે વહાલા વિદ્યાર્થીઓને કૉલેજના પ્રાંગણમાં પકડાવા દીધા નહિ પણ '૪૨ના 'ભારત છોડો' ('ક્વીટ ઇન્ડિયા') આંદોલન વેળા સચિવાલયને ઘેરો ઘાલ્યો એટલે છ મહિનાની જેલ થઈ. જેલમાં ઘણા સાચુકલા ને કેટલાક સગવડિયા 'કર્મશીલો'ને મળી એ મૂંઝાયા હતા.

રેખાંકન અને ચિત્ર કરવાની ટેવ બાળપણની. જેલ પછી કૉલેજની પ્રવેશબંધી થઈ એ ગાળે એક મિત્રે એમનાં ચિત્રો ચેન્નાઈની આર્ટ કૉલેજના યુવાન અધ્યાપક કે. સી. એસ. પણિક્કરને પહોંચાડ્યાં; પણિક્કરે એ પ્રિન્સિપાલ દેવીપ્રસાદ રાયચૌધરીને દેખાડ્યાં ને કૉલેજમાં જોડાવાનો માર્ગ મોકળો થયો. જોકે મોટા ભાઈ નારાયણ સ્વામી પોલીસ ઇન્સ્પેક્ટર હતા – એમને સરકારની આંખે ચડેલો ચળવળિયો ભાઈ ચેન્નાઈમાં રહે તો ભારે જોખમ વહોરી લેવા જેવું લાગ્યું. સુબ્રહ્મણ્યન્‌ની કલાપ્રવૃત્તિથીય એ અજાણ નહોતા એટલે એમણે જ શાંતિનિકેતન નંદલાલ બસુને અરજીનો પત્ર લખ્યો અને ત્યાંથી હા નો તાર આવ્યો. વિશાળ વાંચનમાં સુબ્રહ્મણ્યન્ શાંતિનિકેતન વિશે સારી એવી માહિતી મેળવેલી (અને રાજકારણથી થોડું કંટાળ્યા પણ હતા) એટલે એમને તો ભાવતું'તું ને વૈદે વતાવ્યા જેવું થયું. શાંતિનિકેતન પહોંચ્યા ત્યારે ત્યાંના વિદ્યાર્થીઓ રવીન્દ્રનાથનું નાટક ભજવવા મુંબઈ ગયા હતા એટલે ત્રણેય ધુરંધરો નંદલાલ, રામકિંકર અને બિનોદબાબુ સાગમટે મોઢામોઢ થયા.

'૪૪ પછીનાં એ ચાર વર્ષોમાં એમને નંદલાલ પાસેથી ખુલ્લી હવામાં મોકળા મને અને હળવા હાથે ચીતરવાની શીખ મળી, રામકિંકરની તપ્ત ઊર્જાનો પાસ લાગ્યો પણ સૌથી વિશેષ તો બિનોદબિહારી મુખર્જી સાથે અંગત ઘરોબો થયો. '૪૮ના ગાળે હજારીપ્રસાદ દ્વિવેદીના નિમંત્રણે બિનોદબાબુએ હિન્દી ભવનની ત્રણ દીવાલે આઠ ફૂટ ઊંચું ને અઠ્યાસી ફૂટ લાંબું ભીંતચિત્ર માંડેલું. 'મધ્યયુગીન સંતો'ના જીવનને આવરી લેતા તે મહાચિત્રમાં જોડાવાનો છેલ્લા વર્ષમાં ભણતા સુબ્રહ્મણ્યન્‌ને અદકેરો અવસર મળ્યો. હજુ ઋણાનુરાગે યાદ કરે છે કે છેલ્લી (ઉત્તર) દીવાલે રણજિતસિંહના બે ઘોડેસવારો એમણે દોર્યા તે બિનોદબાબુએ એમના એમ રહેવા દીધા છે. આ બધું રવીન્દ્રનાથની સર્જન-સૃષ્ટિની આભામાં સંભવ્યું ને એટલું ઊંડું ઊતર્યું કે એ બંગાળી બોલતા થઈ ગયા ! પછી બંગાળી એટલી પાકી થઈ કે અવનીન્દ્રનાથના રસાળ ગદ્યને અને બિનોદબાબુના 'ચિત્રકાર' ગ્રંથને સુપેરે અંગ્રેજીમાં ઉતાર્યા.

અભ્યાસ પછી '૪૯ની શરૂઆતે પંજાબમાં ભાગલાના નિરાશ્રિતોના પુનર્વસવાટની કામગીરીમાં જોડાયા, ટૂંકી નોકરીઓ કરી ને મૂકી, રમકડાં ને પોસ્ટર બનાવી ગુજરાન ચલાવ્યું. સુશીલા જસ્રા સાથે સંબંધ શાંતિનિકેતનનો. એય ગાંધી-રંગે રંગાયેલાં. સુચેતા કૃપાલાની સાથે 'કસ્તૂરબા મેમોરિયલ ટ્રસ્ટ'માં એમણે મહિલાઓમાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને કળાકારીગરીની તાલીમનો હવાલો સંભાળેલો. ૧૯૫૦માં બંને પરણ્યાં. આજે સુશીલાબહેન નથી, પણ દીકરી ઉમા (પદ્મનાભન) પડખે ઊભી છે.

૧૯૫૧માં વડોદરામાં નવી સ્થપાયેલ વિશ્વવિદ્યાલયની આખા પાનાની જાહેરાતમાં અન્ય વિષયો સાથે લલિતકલા, સ્થાપત્ય અને સંગીતની સંસ્થાઓ શરૂ થવાનું વાંચ્યું તો થયું કે આ તો બીજું શાંતિનિકેતન ! – ને ઊપડ્યા ને જોડાયા. સ્વાતંત્ર્યની સવારે અહીંયાં નવશિક્ષણનું સપનું સાકાર કરવા ત્રણ મોટા ગજાની વ્યક્તિઓ – માર્કંડ ભટ્ટ, નારાયણ



શ્રીધર બેન્દ્રે અને શંખો (નરનારાયણ) ચૌધરી પહોંચી ગઈ હતી. સુબ્રહ્મણ્યન્ એ પ્રણેતાઓમાં ચોથા. ઉપકુલપતિ શ્રીમતી હંસા મહેતાની સાખે ત્યાં નવા કળા-શિક્ષણની રૂપરેખા તૈયાર થઈ ને નવી સર્જનાનાં બીજ નંખાયાં. આમાં શાંતિનિકેતનની મોકળી હવા દિવસ-રાત ઉઘાડા સ્ટુડિયોમાં સાક્ષાત્ થઈ, પૂર્વ-પશ્ચિમની કળાનો સુપેરે સંયોગ કરવાનાં બારણાં ખૂલ્યાં, પારંપરિક અને આધુનિકને સરખી આંખે જોવાનો વિવેક સમાયો. ખરેખર તો અભણ ને અલગારી કળાકારની પ્રચલિત ઓળખને બદલે સુશિક્ષિત અને સજાગ નાગરિક જેવા કળાકારની કલ્પનાને સાકાર કરવાનો સંકલ્પ થયો. કળાશિક્ષણમાં હજુ લગી સ્ટુડિયો-તાલીમ પર જોર દેવાતું એમાં કળાના ઇતિહાસનું અને સૌન્દર્યશાસ્ત્રનું શિક્ષણ ઉમેરાયું એટલે હાથ અને આંખ સાથે બુદ્ધિમત્તાનોય મહિમા થયો. એ જ્ઞાનમાર્ગી વિચારણા ને તાલીમના સુયોગને વ્યાખ્યાયિત કરવામાં સુબ્રહ્મણ્યન્‌ની સર્જના અને વિચાર-સૃષ્ટિએ મોંઘું પ્રદાન કર્યું છે. નવશિક્ષણના અખતરાની પહેલ ગુજરાતમાં થઈ. એમાં પ્રણેતાઓએ ગુજરાતની કળાકારીગરીની પરંપરાને પિછાણી કારીગર વર્ગના વિદ્યાર્થીઓમાં વિશેષ રસ દાખવ્યો હતો.

૧૯૫૫માં હું વડોદરા ભણવા પહોંચ્યો એ ગાળે, બીજા શિક્ષકોની સરખામણીએ સુબ્રહ્મણ્યન્ ઉમ્મરમાં નાના પણ વિદ્યાર્થીઓમાં માનીતા. આપણા જ્યોતિ ભટ્ટ અને શાંતિ દવે અને ત્યારબાદ હકુ શાહ એમની સાખે-શીખે ઊછર્યા. વિદ્યાર્થીઓ એ જ્યાં બેઠા હોય ત્યાં પહોંચી જાય. કેટલાકે એમને કાગળની અવેજીમાં ફરશ પર ચોક કે ચારકોલથી (અને ધૂળિયો ફલક હોય તો આંગળીથી) ચિત્રના આયોજનના પાઠ દેતા જોયા છે. મારા ચોથા વર્ષ દરમિયાન હું સુરેશ જોષીના 'મનીષા' માટે એમની મુલાકાત લેવા દોડી



ગયેલો. ૧૯૬૧માં રવીન્દ્ર શતાબ્દી દરમિયાન ભોગીલાલ ગાંધીએ મને રવીન્દ્રનાથની કળા વિશે લખવાનું કહ્યું તો મેં સુબ્રહ્મણ્યન્ તરફ આંગળી ચીંધી અને એમનો અંગ્રેજી લેખ પહેલો ગુજરાતીમાં છપાયો ! વર્ષો પછી મને કહે કે એ લેખે મને લખતો કરી દીધો ! અને કેવું ને કેટલું લખ્યું ? કળાવિમર્શના ગ્રંથોમાં 'મૂવિંગ ફોકસ' (૧૯૭૮) પહેલું : એમાં લેખોને ગોઠવવાનું કામ મેં ઉપાડેલું 'લિવિંગ ટ્રેડીશન' અને 'મૅજિક ઑફ મેકિંગ'માં કળાની સમસ્યાઓનો સુવાચ્ય અને રસાળ ગદ્યમાં સમતોલ વિમર્શ. પછી તો મુક્ત ગદ્ય પણ ખેડ્યું, કવિતા સુધ્ધાં. બાળકો માટે ડઝનબંધ સચિત્ર પુસ્તકો કૉલકાતાના સીગલ (Seagull) પ્રકાશને એમનાં ચિત્રો, રેખાંકનો, પત્રો અને લેખોનાં અનેક પુસ્તકો પ્રગટ કર્યાં છે.

લેખન સાથે ચિત્ર-લીલા અવિરત પણ ૧૯૫૯થી '૬૧ સુધી (પુપુલ જયકરના આગ્રહે ?) એ વડોદરા મૂકી મુંબઈના 'વીવર્સ સર્વિસ સેન્ટર'માં જોડાયા. ત્યાં 'બ્લીડિંગ મદ્રાસ' પદ્ધતિએ બનાવેલ તાકા પડી રહેલા. એમણે એ પદ્ધતિ અપનાવીને ઉપરાછાપરી ભાતવાળી છપાઈ કરાવડાવી. આ પદ્ધતિમાં અમુક રંગ ગળે ને ઊતરી જાય ને અમુક રહે એટલે અટપટી ભાત થાય. કહે છે કે પછી તો 'બ્લીડિંગ મદ્રાસ'ના તાકા દેશવિદેશમાં એવા ઊપડ્યા કે સરકારને ટંકશાળ પડી. મને યાદ છે અમેય 'બ્લીડિંગ મદ્રાસ'નાં ખમીસ સિવડાવી પહેરતા. ટેક્સ્ટાઇલ ક્ષેત્રે નિષ્ણાત ગણાતા માર્તંડ સિંહે એમને ન્યૂયૉર્કના મેળામાં એમણે સર્જેલ સફેદ પર સફેદ છાપવાળો પડદો દેખાડી એ કાપડ કેટલું ઊપડ્યું હતું તેની યાદ દેવડાવેલી. એથીય વિશેષ તો ૧૯૬૫ના ન્યૂયૉર્કના મેળે પ્રદર્શિત, ફેંકી દીધેલ ચીંથરાંને બીજા દોરે વીંટી, ગૂંથી-વણીને વિશાળ અર્ધશિલ્પ કરેલું તે ઘણા યાદ કરે છે પણ દુર્ભાગ્યે એ કૃતિ કે એની છબી બચ્યાં નથી. કટોકટી કાળે બ્લેક પાર્ટ્રીજ ગૅલેરીએ પ્રદર્શિત કરવા કૃતિ માગી ત્યારે એમણે સાળ પર જાતે વણેલો (રાષ્ટ્રીય પક્ષી ગણાતો), લંગડો મોર રજૂ કરેલો. વણાટ અને રંગાટી કામના અનુભવે કારીગરો સાથે ઘરોબો કેળવાયો ત્યારે કળા અને કારીગરી વચ્ચે પાયાનો ભેદ નહિ હોવાની પુનઃપ્રતીતિ થઈ હશે. એમનો દેશના કારીગરોની કોઠાસૂઝમાં ઊંડો વિશ્વાસ પણ એમાંથી જ નીપજ્યો હશે. ૧૯૬૯ના ગાળે અમે (હું અને દામોદર ગજ્જર) મણિસાહેબને લઈ આબુ જતાં પાટણ રોકાયા ત્યારે એમની હોંશે, પટોળાના વિખ્યાત સાળવી કાન્તિભાઈને ત્યાં પહોંચેલા. ભાંગી-તૂટી હિન્દીમાં એમણે પળવારમાં જ સાળવી સાથે સાળવી થઈ સંવાદનો તાંતણો કેવો જોડી દીધો એ મને યાદ છે.

મુંબઈથી પાછા ફરતાં દોરવા, ચીતરવા ને ઘડવાનો ક્રમ નિરંતર ચાલ્યો. આમ તો મુંબઈ જતાં પહેલાં એમણે વડોદરાના ઔદ્યોગિક સંકુલ જ્યોતિ લિમિટેડ માટે લાંબાં ચિત્રો કરેલાં. એમાં કારખાનાનો પરિવેશ, યંત્રો ને મજૂરો બધું ગૂંથી લીધેલું. ડિયેગો રિવેરા જેવા મેક્સિકન કળાકારનાં ભીંતચિત્રોની યાદ આપે તેવાં ચિત્રોમાં એમણે નવા

માધ્યમનો અખતરો કરેલો. તૈલચિત્રોમાં વપરાતા તેલના બે વાર ઉકાળેલા પ્રવાહીમાં મીણ ઉમેરી એમણે નવું માધ્યમ નિપજાવ્યું. (આ સસ્તા પ્રયોગે વિદ્યાર્થીઓને મોંઘા રંગોનો વિકલ્પ જડેલો.) મોટું કામ આવ્યું ૧૯૬૩માં. સુચેતા કૃપાલાની(તે વખતનાં ઉત્તરપ્રદેશનાં મુખ્યપ્રધાન)એ એમને લખનૌના નાટ્યગૃહ રવીન્દ્રાલય પર કશુંક કળાત્મક માંડવા માટે નોતર્યા. એમણે રવીન્દ્રનાથના ‘તાશેર દેશ’(‘પત્તાંનો પ્રદેશ)નાં પાત્રોને લઈને લાંબું અર્ધશિલ્પ પકવેલી માટીમાં રચ્યું. આ માટે તેમણે દરેક પાત્ર કે આકૃતિને અવનવા આકારે વહેંચી એના ૧૩,૦૦૦ ‘ટુકડાઓ’(units)ને ફરી મેળવીને લગાડ્યા અને એમાંથી લોકાકૃતિને લગતી નવીન, આધુનિક પદ્ધતિ નિપજાવી. ૧૯૬૯માં ગાંધીદર્શનના એક સંકુલને આયોજિત કરવાનું સ્થપતિ ચાર્લ્સ કોરિયાના હાથમાં આવ્યું ત્યારે એમણે સુબ્રહ્મણ્યન્‌ને એમાં જગ્યા ફાળવી. અહીં એમણે સિમેન્ટ અને સિરેમિકમાં આકૃતિઓ ઢાળી. ગાંધીદર્શનનાં પાસાં વણી લીધાં. પછી તો જાણે મોટો પડકાર ઝીલતા હોય એમ એમણે પકવેલી માટીમાં અર્ધશિલ્પોની અનેક શૃંખલાઓ કરી. એ ૧૯૭૧નો ગાળો અને બંગલાદેશનો લોહિયાળ ઉદ્‌ગમ : એક શૃંખલા એની જ. આમાં ક્યાંક નવેક ચોરસનું કે ક્યાંક ચારેક ચોરસનું ચોકઠું કરી દરેક ચોરસે અવનવી આકૃતિઓ મૂકી. ઉત્તમ કૃતિઓમાં ગણાય એવાં આ શિલ્પોમાં એમણે માટીને હાથે દબાવી, વાળી, પોલી કરી ને જોડીને કે ઓજારે આંકા કરીને રૂપ રચ્યાં છે, તેમાં ચર્મ સ્વરૂપી/સંવેદના ઝળકે છે. ને સંહારલીલાનું સ્વરૂપે કેવું ? અમુક ચોરસે વધેરાયેલાં અંગો, બીજે અપ-પ્રસવે લટકતાં બાળ ને ઉપરના ત્રણે ચોરસે કકડાવતા દાંતવાળા મિલિટરી માંધાતાઓ, અને યુનિફૉર્મ પર ખખડતા એમના બિલ્લા. બીજી શૃંખલામાં બાળ-લીલા (એક છોકરો પોતાનું માથું કેમ સમેટી લે છે તેનું અચરજ), બીજામાં કપડાંનું નાટક, ત્રીજામાં માછલીઓનાં હાડપિંજર અને એવું બધું.

મુંબઈથી વડોદરા આવ્યા ને ઠરીઠામ થયા તે છેક ૧૯૮૦ લગી. વચમાં રોકફેલર ગ્રાન્ટ વાટે ન્યૂયૉર્કનો ફેરો ૧૯૬૫માં. માટીનાં અર્ધશિલ્પોની શૃંખલા પછી એક વિશાળ શિલ્પ જ્યોતિ લિમિટેડના સંશોધન વિભાગની દીવાલે : આમાં એમણે બીજ સ્વરૂપને વિશાળ સ્તરે બહેલાવ્યું. એમના જૂના સાગરીત ગ્યારસીલાલ મિસ્ત્રી ફ્રેસ્કો પદ્ધતિ શિખવાડતા તે આ બધા જાહેર સ્થળનાં શિલ્પોમાં સાહેદ. ચિત્રોમાંય શિલ્પની જેમ ચોકઠામાં ચોકઠાની લીલા. એમાં એક ચોકઠેથી કેટલાંક રૂપો બીજે નીકળતાં થાય : મોજ અદલબદલની, અંદર-બહારના ખેલની, અવરજવરની. ૧૯૭૧ના ગાળે જ કાચની પાછળ અવળું ચિત્ર આગળથી સવળું જોવાનાં ચિત્રો કર્યાં. ક્યાંક માત્ર આકૃતિ કાચ પર દોરે ને પાછળ સોનેરી પૂઠું મૂકે ત્યારે કોરો કાચ સવળું જોતાં સોનેરી લાગે. કાચ-ચિત્રોની પરંપરા પશ્ચિમ ભારતમાં અઢારમી સદીથી પ્રવર્તે છે : એમાં દેવ-દેવી, રાજવીઓ અને રૂપાળી રમણીઓના ચહેરા-આજનાં છાપેલાં પોસ્ટરની જેમ – ઝળકતા. સુબ્રહ્મણ્યને



એક આખું પ્રદર્શન ‘સુંદરીઓ’ સર્જી કર્યું. એમાં એમની રમૂજનો પારો, ઠઠ્ઠા જેટલો ઊંચો ગયો. લોભામણી, લજામણી, નટખટ કે જાદુગરણી જેવી લલનાઓની લંગાર. શણગાર કરતી, સજેલી કે અધસજી રમણીઓ કૂતરાં, બિલાડા કે પોપટ જેવાં પક્ષીઓ સાથે સહજ કે કપટી ખેલ ખેલતી. આવાં કાચ-ચિત્રો પછી મોટાં થયાં, વ્યાપે વિસ્તર્યાં અને કાચની અવેજીમાં એક્રિલિક આવ્યું. સાથોસાથ કાગળ પર રેખાંકનો અને કૅન્વાસ તથા પાટિયા પર રંગચિત્રોની હારમાળા. આમાં જિવાતા જીવનના સમગ્ર સરંજામને અગમ ઊર્જાથી આંદોલિત કરવાનો પેંતરો. નર-નારી, જનાવર ને ફૂલ-પાંદ તો ચલિત કે ચલાયમાન પણ રાચરચીલું, બારી-બારણાં, વાસણ બધાંમાં સજીવારોપણ. પાત્રો બહાર જોતાં, અંદર રવડતાં, લડતાં-ઝઘડતાં ને ઊડી જતાં, ક્યાંક રાજકારણી જેવા, ક્યાંક સેનાના અફસરો, નરવી ગૃહિણીઓ અને છેલબટાઉ જુવાનિયા ઊડી જતી પરીની પાછળ દોડાદોડ કરતા. ક્યાંક સીધોસાદો ગૃહજીવનનો પરિવેશ, ક્યાંક રાજકારણી ખટપટ, સાચ-જૂઠના ખેલ. એમાં જાણીતા લાગે એવા લોક (પાઘડી પહેરી લેવાની છૂટ સાથે) આટાપાટા રમતા હોય તેમ હરેફરે ને મોઢાં સાથે મહોરાંની અદલબદલ કરે. વિશ્વ જાણે કે એક વિરાટ અને નિરંતર નાટકનો નકશો, થોડું સર્કસ જેવુંય ખરું. બધું બહુમુખી, બહુરૂપી, એમાં મર્ત્યલોકના માનવી ભેળાં દેવદેવીય ચશ્માં પહેરી બેસે ને બાબલા ભેગાં રમે. ક્યાંક સ્ત્રીને વધારાના હાથ ફૂટે ને જાત્રાના ફલક જેમ દેવીનો, મહિસાસુરનો, બેહુલાનો ખેલ પડે. ૧૯૮૭માં ઑક્સફર્ડમાં રૅસિડેન્સી ભોગવી તે ટાણે ત્યાંની બોડલાઇન લાઇબ્રેરીના સંગ્રહમાં મરતા ઈનાયતખાનનું મુઘલ ચિત્ર છે, તેમાંથી ઈનાયતખાનને છૂટો મૂક્યો ઑક્સફર્ડના પ્રાંગણમાં. એ હાડકાંનો માળો અંગ્રેજી ઇમારતોના વિલાયતી સમારંભોમાં વણનોતર્યો પરોણો. સેંકડો ચિત્રોની શૃંખલાઓમાં દુનિયાના દાવપેચ, રમખાણો ને રમઝટ બધું બિલોરી આંખે નીરખ્યું હોય તેવું ચોખ્ખુંચણાક. આ બધું દેશવિદેશના પ્રદર્શને મુકાયું. એનાં સમૃદ્ધ પ્રકાશનો થયાં ને ૨૦૦૩માં નૅશનલ ગૅલરી ઑફ મૉડર્ન આર્ટમાં એમની સમગ્ર ચિત્ર-સૃષ્ટિને આવરી લેતું વિશાળ પ્રદર્શન થયું. આર. શિવકુમારે એનું નિયોજન કર્યું અને એમની કલા-સૃષ્ટિનું વિગતે વિવેચન કર્યું. ગીતા કપૂરે પણ એમની કળા પર પૂરું પુસ્તક લખ્યું છે.

આટલાં ચિત્રો-શિલ્પો કર્યાં તે ઓછું હોય તેમ ૧૯૯૦માં એમના શાંતિનિકેતનના વાર્ષિક ફેરે, બેસીને કામ કરતા તે બે માળની ઇમારતની કાયાપલટ કરવાનું માથે લીધું. રોજ ખપાટિયા (scaffolding) પર ચડી, પરસેવો ટાળવા કપાળે પટ્ટી બાંધી, એમણે અઠવાડિયાંઓ લગી દીવાલો ચીતરી ને ઇમારતના દીદાર બદલી નાખ્યા. પહેલાં કોરી દીવાલો હતી ત્યાં એના બારણે ને બારીએ મોર બેઠા, પંખીઓ ઊડ્યાં, વાંદરા કૂદ્યા ને તાડ ઊગ્યાં. દોઢેક માળ ચીતરતાં ઉપરનું બાકી રહ્યું હતું તે ૧૯૯૩માં જઈને પૂરું કર્યું. જાણે કે જાદુગરે પળવારમાં ઇમારતને કાળા-ધોળા તિલસ્મી રૂપે પલટી નાખી.

વરસો વીતતાં એ આકૃતિઓ ઘસાઈ, ભૂંસાઈ ને ઝાંખી થઈ એટલે ફરી પાછી ચાનક ચડી ને જૂની આકૃતિઓ ભૂંસી એને નવા રૂપે સજીવન કરી. અહીંયાં મોટી દીવાલે બહુરૂપી દેવી ફૂટ્યાં, દાનવવેશે મહિષ પ્રગટ્યો, કાળાં-ધોળાં રૂપ બારી-બારણે સંતાકૂકડી રમ્યાં ને ઇમારત તો જાણે ઉડનખટોલા જેવી નજર કરતાં જ ઊડવા માંડે એવી થઈ. અચરજ હજુ બાકી છે. માસ્ટર મોશાય નંદલાલ બસુનો સ્ટુડિયો કલાભવનના પરિસરમાં – એને જર્જરિત થતો જોયો ને થયું, એના મૂળ માળખાને સાચવી સમારકામ કરીએ તો કેમ ? વિદ્યાર્થીઓ અને કારીગરો સાથે ભેગાં મળી એમણે હજારોની સંખ્યામાં સિરેમિકની 'ટાઇલ્સ' બનાવી ને દરેક પર સહજ હાથે કોઈ ભાતનું એક રૂપ ટાંક્યું. આવા સહજ અને ચલિત રૂપે મઢેલી દીવાલે એ સ્થળને એક તીર્થસ્થાન જેવું કરી દીધું. એ થયું ત્યારે એ નેવુંના થવા આવ્યા હતા !

શાંતિનિકેતનની જેમ વડોદરાની ફાઇન આર્ટ્સ કૉલેજમાંય વાર્ષિક કળા-મેળો ભરાય એમાં સુબ્રહ્મણ્યન્ રમકડાં બનાવે, બાળકો માટે ચોપડીઓ લખી-ચીતરી છપાવે ને જરૂર પડે તો નાટકના પડદાય ચીતરે. રમકડાં માટીનાં હોય તો માટી ગૂંદીને ઝીણકા જનાવર ઘડે. લાકડાના ટુકડા ભેગા કરી રેક્સિન કે ચામડે મઢી નાનકડાં ગેંડા કે ઘેટાં બનાવે. ઘણાએ આ રમતિયાળ શિલ્પો પરસાદની જેમ સંઘર્યાં છે. કહે છે કે નંદલાલ બસુ પાસે કોઈ વિદ્યાર્થી પોતાની વર્ષગાંઠે જઈ ચડતો તો માસ્ટર મોશાય એને એક પતાકડા (પોસ્ટકાર્ડ) પર કશુંક દોરી દેતા. સુબ્રહ્મણ્યન્ દાયકાઓથી, એ વડોદરે હોય કે શાંતિનિકેતન, પણ દિવાળી કે નવા વરસ ટાણે મિત્રો-સ્નેહીઓ અને વિદ્યાર્થીઓને, હાથે ચીતરેલ પતાકડું મોકલવાનો શિરસ્તો જાળવ્યો છે. એમાં કોઈને મળે મોર તો કોઈને કાબર કે કાગડો, કોઈને ઠસ્સાદાર ગર્દભરાજ કે મસ્ત મર્કટ અનેરી અદામાં, કોઈને ગરમાળો તો કોઈને એકલવાયું તાડવૃક્ષ. એમની રસળતી પીંછીના સજીવ છરકે પ્રગટતાં જીવસૃષ્ટિનાં ચલાયમાન રૂપ આજેય જોનારને અંકિત કરે છે.*

**– ગુલામમોહમ્મદ શેખ**

**૨૯–૫–૨૦૧૫**

* કેટલીક માહિતી માટે આર. શિવકુમારનો ઋણસ્વીકાર.

**વાચકમિત્રોને**

છેલ્લાં પંદર વર્ષથી 'વિશ્વવિહાર' આપને મળે છે. આપને તે રુચ્યું હોય અને ઉપયોગી લાગ્યું હોય તો તેનું વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦નું મ. ઓ. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશપાર્કની બાજુમાં, ઉસ્માનપુરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૩ – એ સરનામે મોકલશો. બે, ત્રણ, ચાર કે પાંચ વર્ષનું લવાજમ પણ એકસાથે ભરી શકાશે. ડ્રાફ્ટ **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામનો મોકલવો. ❒





# સાત દાયકાની સફર

બીજા વિશ્વયુદ્ધ(૧૯૩૯–૪૫)ની યાતનાઓથી ત્રસ્ત વિશ્વના માંધાતા દેશો શાંતિ ઝંખતા હતા. તેના પરિણામ રૂપે સંયુક્ત રાષ્ટ્રો(United Nations)ની સંસ્થા અસ્તિત્વમાં આવી. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સ્વતંત્ર દેશો શાંતિ, સહકાર અને પારસ્પરિક સંકલનથી કામ કરી શકે તે તેનો મુખ્ય ઉદ્દેશ હતો.

યુદ્ધ રાજ્યો વચ્ચેના પ્રશ્નો ઉકેલવાનું આત્યંતિક રાજનૈતિક સાધન ગણાતું હોવાથી એવાં યુદ્ધોને પાંગળાં બનાવી રાજ્યો વચ્ચેના સહકાર દ્વારા વિકાસ–પ્રગતિની દિશા ભણી આગળ વધવાની તેની નેમ રહી છે. સંયુક્ત રાષ્ટ્રોની સંસ્થા 'હોલી અલાયન્સ' (Holy Alliance), યુરોપીય સંઘ (Concert of Europe), રાષ્ટ્રસંઘ (Leagae of Nation)ની સ્થાપના – આ અધૂરા પ્રયાસોથી આગળ વધી વધુ એક પ્રયાસની અજમાયેશ કરવાનું લક્ષ્ય ધરાવતું હતું. આ ભૂમિકામાં યુનોના બંધારણનો સ્વીકાર જૂન, ૧૯૪૫માં સાનફ્રાંસિસ્કો ખાતે પચાસ રાજ્યોએ કર્યો. ત્યારબાદ તેની અધિકૃત કે સત્તાવાર સ્થાપના ૨૪ ઑક્ટોબર, ૧૯૪૫ના દિને કરવામાં આવી. પ્રારંભે તેના એકાવન મૂળ સભ્યો હતા. તેના ખતપત્રના અમલ પછી તેમાં મૂળભૂત ફેરફારો થતા નથી. જૂન, ૨૦૧૫માં પૂરા થતા સિત્તેરમા અને આરંભાતા ઇકોતેરમા વર્ષે તેના યુદ્ધ અટકાવવાના પાયાના પ્રયાસનું વિહંગાવલોકન કરવાનો પ્રયાસ કરીશું.

હાલ તેની સભ્ય-સંખ્યા પ્રારંભિક સભ્ય-સંખ્યા કરતાં લગભગ ચાર ગણી (૧૯૩ સભ્ય દેશો) વધી છે. જે તેની સ્થાપના અને ઉપયોગિતાની આશાઓ વ્યક્ત કરે છે. યુદ્ધ અટકાવવાના પાયાના પ્રયાસોમાં સલામતી સમિતિ મહત્ત્વનું અંગ બની રહે છે. જેમાં આરંભથી પાંચ કાયમી – અમેરિકા, ચીની પ્રજાસત્તાક, ફ્રાંસ, બ્રિટન અને રશિયા – સભ્યો સ્થાન પામેલ છે. ૧૯૬૫ના સુધારા અનુસાર દસ બિનકાયમી સભ્યો વડે તેની રચના થાય છે. આ દસે સભ્યો મહાસભાના સભ્યોની બેતૃતીયાંશ બહુમતીથી બે વર્ષ માટે ચૂંટાય છે. પાંચ કાયમી સભ્યો નિષેધાધિકાર(વીટો)ની સત્તા ધરાવે છે. બિનકાયમી સભ્યો આવો અધિકાર ધરાવતા નથી. દસ બિનકાયમી સભ્યોમાંથી બે સભ્યો આફ્રિકાના, બે સભ્યો એશિયાના, બે સભ્યો લૅટિન અમેરિકા અને કેરેબિયનના, બે સભ્યો પશ્ચિમ યુરોપ અને બે સભ્યો પૂર્વ યુરોપના હોય તેવી જોગવાઈ છે. પ્રત્યેક સભ્યરાજ્ય એક મત ધરાવે છે. સલામતી સમિતિનું પ્રમુખપદ વારાફરતી અંગ્રેજી વર્ણાનુસાર ચાલે છે. ભારત, જર્મની અને જાપાનને નવી કાયમી સત્તાઓ તરીકે તેમાં સમાવવામાં આવે અને એ રીતે સલામતી સમિતિને વિસ્તારવાનો વિવાદ હજુ જેમનો તેમ છે.

દેશોના રાષ્ટ્રપ્રમુખની સમકક્ષનો ગણાતો મહામંત્રીનો હોદ્દો સર્વોચ્ચ ગણાય છે.

તેઓ સંયુક્ત રાષ્ટ્રોની સંસ્થાના વહીવટી વડા છે. યુનો પોતે શાંતિ-સૈન્ય ધરાવે છે અને યુદ્ધ કરતા દેશો વચ્ચે શાંતિની સ્થાપના અર્થે આ સૈન્યને મોકલે છે. યુદ્ધોને અટકાવવા, આંતરવિગ્રહોને સીમિત કરવા અને વિશ્વશાંતિને ચિરસ્થાયી બનાવવાના પ્રયાસો તે સતત કરે છે. 'આવનારી પેઢીઓને યુદ્ધથી બચાવવી' એવા મૂળગામી લક્ષ્યમાં તે પ્રવૃત્ત રહે છે.

શીત યુદ્ધના અંત સુધી સંયુક્ત રાષ્ટ્રોની આ સંસ્થા ઘણી પ્રભાવશાળી રહી. અલબત્ત, શીતયુદ્ધનો તબક્કો 'વીટો'ના ઉપયોગ માટેનો સૌથી વિવાદાસ્પદ કાળ હતો. દાગ હેમરશૂલ્ડ (૧૯૫૩–'૬૨) જેવા પ્રભાવશાળી મહામંત્રીના પ્રયાસોથી કોંગો-કટાંગા સમસ્યાનો નિવેડો આણી શકાયો હતો. ૧૯૭૦ અને ૧૯૮૦ના દાયકાઓમાં સોવિયેત સંઘને બધાથી અલગ કે એકલા પાડી દેવા 'નિષેધાધિકારની સત્તા'નો ઉપયોગ મોટા પ્રમાણમાં દેશો કરતા. પરિણામે સોવિયેત સંઘ પણ આ સત્તાનો ઉપયોગ મોટા પ્રમાણમાં કરતો. ૧૯૪૫થી ૧૯૯૨નાં વર્ષો દરમિયાન સોવિયેત સંઘે ૧૧૪ વાર, અમેરિકાએ ૬૯ વાર, બ્રિટને ૩૦ વાર, ફ્રાંસે ૧૮ વાર અને ચીને ૩ વાર 'વીટો'ની સત્તાનો ઉપયોગ કર્યો હતો. આ સત્તાને કારણે સલામતી સમિતિ તેના નિર્ણયોમાં સ્થગિત બની જાય છે, ક્યારેક આ સત્તાના ઓઠા નીચે નિર્ણયો ટાળે છે. પરંતુ સભ્યો જ્યારે 'વાજબીપણા'ના ધોરણે કામ કરે ત્યારે સલામતી સમિતિ અસરકારક બની રહે છે. એથી ઇજિપ્ત પર અંકુશ જાળવી રાખવાના બ્રિટન અને ફ્રાંસના પ્રયાસો નાકામિયાબ રહેલા. હોલૅન્ડ ઇન્ડોનેશિયા પર અંકુશ જાળવી શક્યું નહોતું. ૧૯૯૦માં ઇરાકે કુવૈત પર આક્રમણ કર્યું ત્યારે ૧૨ ઠરાવો દ્વારા સલામતી સમિતિ અસરકારક પગલાં ભરી શકી હતી. કુવૈતની મુક્તિમાં તે પ્રભાવક રહી, પરંતુ ઇરાક સામેના બીજા યુદ્ધમાં – ઇરાક વિનાશક અણુશસ્ત્રો અને રાસાયણિક શસ્ત્રો ધરાવે છે, તેવા આક્ષેપો ખોટા પુરવાર થયા છતાં અમેરિકાના નેતૃત્વ હેઠળ સદ્દામ સરકાર સામે યુદ્ધ કરી સરકાર બરખાસ્ત કરાયેલી. ઉત્તર કોરિયા અને દક્ષિણ કોરિયાના પ્રશ્ને, ચીન-જાપાન સંઘર્ષોમાં, 'આરબ વસંત' જન્મી ત્યારે સલામતી સમિતિ તે બાબતે અસરકારક પગલાં લઈ શકી નથી. લોકશાહી માર્ગે જવાનું વલણ ક્રમશઃ મનસ્વિતાની દિશામાં જઈ રહ્યું છે. યુક્રેનમાં રશિયાના આક્રમણ પછી સંયુક્ત રાષ્ટ્રોનો દરમિયાનગીરીનો પ્રયાસ વિફળ રહ્યો. પ્રારંભે અફઘાનિસ્તાન અને ૨૦૦૧ની વર્લ્ડ ટ્રેડ સેન્ટરની ઘટના પછી વકરેલા આતંકવાદમાં ધાર્યાં નિશાન હાંસલ કરી શકાયાં નથી. અમેરિકા આ બાબતે ઘરઆંગણે શસ્ત્રોના વેપારને અંકુશમાં લેવા કોઈ પ્રયાસ કરતું નથી. પરંતુ આતંકવાદ સામે સાચી-ખોટી રીતે યુદ્ધે ચડી તે આગને હવા પૂરી પાડે છે. આતંકવાદને નામે સ્થાનિક પ્રજાઓ બેરહમીથી રહેંસાતી

**(અનુસંધાન તેરમા પાને)**





# પક્ષીનો રંગ કેવો છે ?

અહીં પક્ષીની એક તસવીર આપી છે (ટાઇટલ પેજ નં. ૩) તેનો રંગ કેવો છે ? બ્લૂ, નીલો કે કસુંબી ? અથવા તો તેમાંથી એકેય નહીં ?

આ જગત અને આ બ્રહ્માંડમાં અનેકવિધ પદાર્થોના અનેકવિધ રંગો જોવા મળે છે. આ રંગનું કારણ તે પદાર્થની આગવી ખાસિયત છે કે તેનું કારણ બહારનું છે ?

હરીભરી વનસ્પતિ જુઓ. જેનાં પાંદડાં અને પર્ણો કેવાં લીલાંછમ છે ! શું ખરેખર લીલા રંગનાં હોય છે ? તેવી રીતે ફૂલોના રંગ કેટલા રંગબેરંગી હોય છે ? ગુલાબ, ગુલમહોર, ગલગોટા, મોગરો, ક્રિસ્થેમસ વગેરે વગેરે, તેનું કારણ શું ? રાત્રિના આકાશના તારાઓ અને ગ્રહોના પણ રંગ હોય છે. સંધ્યા અને ઉષાના પણ રંગ છે. દિવસના આકાશનો આસમાની રંગ છે. તે રાત્રે અદૃશ્ય થઈ જાય છે. આકાશ કાળું ડિબાંગ થઈ જાય છે.

એટલું જ નહીં, આપણાં વસ્ત્રોના પણ અનેકવિધ રંગો છે. મકાનોની દીવાલોના રંગો હોય છે. ફર્નિચરના પણ વિવિધ રંગો હોય છે.

આમ રંગોનું વૈવિધ્ય પારાવાર છે. એક જ પદાર્થના અનેક રંગ હોઈ શકે છે. તે પદાર્થના તાપમાન, સાઇઝ અને તેની સાથે શાનું મિશ્રણ છે જેવી બાબતો પર આધારિત છે. દા.ત., સોનાનો રંગ ચળકતો પીળો હોય છે પણ તેની સાઇઝ નેનો (એક મીટરનો અબજમો ભાગ) હોય તો તે કાળું દેખાય છે.

રંગનું મુખ્ય કારણ મોટેભાગે દેહધર્મવિદ્યાની ઘટના (Physiological phenomena) છે પણ તેનો મુખ્ય ભાગ ભૌતિકવિજ્ઞાનના ક્ષેત્રમાં છે. તેથી એક બાજુ રંગના મિશ્રણનો સિદ્ધાંત (Theory of color mixing) જ્યારે બીજી બાજુ દૃષ્ટિથી રચતો સિદ્ધાંત (Theory of colour vision) છે. આ બેમાંથી પહેલો સિદ્ધાંત દ્રવ્યની પ્રકાશ પર ક્રિયાને લગતો છે જે પ્રકાશ આંખને પહોંચે તે પહેલાને લાગેવળગે છે અને બીજો આંખમાં દૃષ્ટિના કાર્ય સાથે લાગેવળગે છે. રંગના મિશ્રણનું વિજ્ઞાન શક્ય બન્યું છે કે દરેક રંગનું સંપૂર્ણ પૃથક્કરણ થઈ શકે છે તે શોધ પ્રિઝમ દ્વારા વર્ણપટ મેળવાયા તે આભારી છે. દૃષ્ટિથી રંગનું વિજ્ઞાન સમજવામાં આંખના પ્રકાશવિજ્ઞાનનો અને દેહધર્મવિદ્યા(Physiology)નો સમાવેશ થાય છે. આ આખી યંત્રણા હજુ પૂરેપૂરી સમજાતી નથી.

અહીં આપણે સપાટીના રંગ (surface colour) વિશે જાણવું ઉપયોગી થશે. જ્યારે સૂર્યપ્રકાશ લાલ ગુલાબ પર પડે છે, લાલ રંગની સૂતરની આંટી પર પડે છે, લાલ પેઇન્ટ પર પડે છે અથવા લાલ કાચ પર પડે છે ત્યારે સૂર્યપ્રકાશના બધા રંગો સિવાય લાલ રંગ શોષાય છે. બીજા રંગો આરપાર નીકળતા નથી કે ફરીથી બહાર જતા નથી. લાલ

રંગ જ્યારે પરાવર્તન પામે છે અને આરપાર નીકળે છે (વક્રીભવન પામે છે) ત્યારે રંગકો(pigments)ના સૂક્ષ્મ દાણા દ્વારા થાય છે અને બધી દિશામાં બહાર આવે છે.

અહીં તસવીરમાં બતાવેલ જે પક્ષીના રંગની વાત છે તો તેમાં પ્રકાશની યુક્તિ (Trick) તેના પીંછાને બ્લૂ બનાવે છે પણ લાલ બનાવતું નથી.

કુદરતમાં રંગો સામાન્યતઃ રંગકો (pigments) જે મોટાભાગના પ્રકાશના તરંગોને શોષી લે છે. માત્ર એકને શોષતા નથી. તે રંગને પરાવર્તિત કરે છે જે આપણે જોઈએ છીએ પરંતુ બ્લૂ રંગક દુર્લભ હોય છે. પરંતુ બ્લૂ પક્ષી દ્વારા જે બ્લૂ રંગ દેખાય છે તે તેનાં પીછાંઓમાં રહેલા નાનકડા હવાના બિંદુઓ એટલે કે પરપોટા(Tiny Air Packets)ને કારણે હોય છે. આ બિંદુઓ દ્વારા પ્રકાશનું પ્રકીર્ણન (scattering) બ્લૂ ઉત્પન્ન કરે છે. જોકે લાલ રંગનાં પક્ષી માત્ર રંગકો પર જ આધાર રાખે છે.

અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીના વિનોથન મનોહટન અને તેના સહકાર્યકરોને આશ્ચર્ય થતું હતું કે જો બ્લૂ રંગ રંગક વિના ઉત્પન્ન કરી શકાતો હોય તો લાલ કેમ નહીં ? સંશોધકોની ટીમે નેનોમીટર ક્રમના પ્લાસ્ટિક મોતીઓ (beads) જે હવાના પૅકેટનું વ્યસ્ત રૂપ છે કે જે પીછાંને બ્લૂ રંગ આપે છે. મોતીઓ(beads)ની સાઇઝ બદલીને જોયું કે પ્રકાશનું બાજુના મોતી સાથે વ્યતીકરણ થતાં અમુક રંગને વધુ તેજસ્વી બનાવે છે.

ઉપરોક્ત મોટા મોતી(beads)નો પ્રયત્ન લાલ રંગની તેજસ્વિતામાં વધારો કરવા કરી જોયો. પરંતુ તેના બદલે જાંબુડિયો રંગ જોવા મળ્યો. અણધારી રીતે બ્લૂ ઘટક જોવા મળ્યો. તે કારણથી આકાશ બ્લૂ દેખાય છે તે જ કારણથી બ્લૂ ઘટક મળ્યો. હવે સંશોધકો પ્રયત્ન કરી રહ્યા છે કે પોલાં મોતી (hollow beads) હોય તો લાલ રંગ આપશે ?

**– વિહારી છાયા**

---

**(અગિયારમા પાનાનું ચાલુ)**

રહે છે અને ધર્મના રાજકારણને વેગ મળે છે. શસ્ત્રોનું વેચાણ-ખપત અમેરિકાના શસ્ત્રઉદ્યોગને પણ જીવતો રાખે છે. સાઉદી અરેબિયા અમેરિકાના ટેકા સાથે યેમેન પર ત્રાટકે છે. આડકતરી રીતે માનવ-અધિકારોના ભંગને પ્રોત્સાહન પૂરું પાડે છે. આ પુરાણી મહાસત્તાઓના નકારાત્મક કારનામા એકંદરે સંસ્થાને નબળી બનાવે છે. આ સંદર્ભે સલામતી સમિતિમાં વ્યાપક ફેરફારો આવશ્યક છે. ત્રીજા વિશ્વના દેશોને દૂર રાખવાની મનોવૃત્તિ વધુ નુકસાનકારક છે. સલામતી સમિતિની નવેસરથી પુનર્રચના કરવાનો સમય પાકી ગયો છે. આશા છે કે સંયુક્ત રાષ્ટ્રસંઘ રાજ્યપ્રથાના નવા પ્રવાહોને ધ્યાનમાં લઈ સક્રિય બનશે, વિશ્વશાંતિની સાચી દિશામાં ગતિ કરશે.

**– રક્ષા મ. વ્યાસ**



# પ્રજ્ઞાવંત અર્થશાસ્ત્રીની વિદાય

અસાધારણ બુદ્ધિમત્તા ધરાવતા જૉન એફ. નૅશ (જુનિયર) તથા તેમનાં પત્ની ઍલિસિયાનું ગઈ ૨૪ મે, ૨૦૧૫ના રોજ માર્ગ-અકસ્માતમાં અવસાન થતાં માત્ર ગણિતિક અર્થશાસ્ત્ર વિષયમાં જ નહિ, પરંતુ તેની સાથે સંલગ્ન અન્ય ઘણા વિષયોના સંશોધનક્ષેત્રને મોટી ખોટ પડી છે. જૉન નૅશને ૧૯૯૪ વર્ષ માટેના અર્થશાસ્ત્ર માટેનું નોબેલ પારિતોષિક, બે અન્ય અર્થશાસ્ત્રીઓની સાથે સંયુક્ત રીતે એનાયત થયું હતું.

જૉન નૅશનો જન્મ અમેરિકાના વેસ્ટ વર્જિનિયાના બ્લુફીલ્ડમાં ૧૯૨૮ની ૧૩મી જૂને થયો હતો. એન્જિનિયર પિતા અને લૅટિન ભાષાની શિક્ષિકા માતા પાસેથી જ્ઞાનરુચિ મેળવનાર જોનને બાળપણથી જ ગણિત વિષયમાં રુચિ હતી અને સમય જતાં આ વિષયમાં એમની અસાધારણ આવડત પ્રગટવા લાગી. એ સમયે જૉર્જ વેસ્ટિંગહાઉસના દસ પારિતોષિક વિજેતાઓમાં તેમનો સમાવેશ થયો હતો, જેને પરિણામે કાર્નેગી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજીની શિષ્યવૃત્તિ પણ તેમને એનાયત કરવામાં આવી હતી. નૅશના ચરિત્રલેખક નાસરના મંતવ્ય મુજબ આ સમયથી જ નૅશની ગણના અલૌકિક પ્રતિભાવાન વ્યક્તિઓમાં થવા લાગી હતી.

૧૯૫૦માં નૅશને પ્રિન્સ્ટન યુનિવર્સિટીએ ગણિત અને અર્થશાસ્ત્ર વિષયમાં પ્રોફેસર ટકરના માર્ગદર્શન હેઠળ ડૉક્ટરેટની પદવી હાંસલ કરી હતી. ઈ. સ. ૧૯૫૧માં જૉન નૅશ અમેરિકાની સુવિખ્યાત શિક્ષણસંસ્થા મૅસેચૂસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટૅક્નૉલૉજી(MIT)માં અધ્યાપક તરીકે જોડાયા, જ્યાં તેમનાં ભાવિ પત્ની ઍલિસિયા લૉર્ડ સાથે પ્રથમ વાર તેમની મુલાકાત થઈ હતી. તે અરસામાં ઍલિસિયા તે સંસ્થામાં ભણતી હતી. થોડાક જ સમય પછી જૉન અને ઍલિસિયા લગ્નગ્રંથિથી જોડાયા.

ઈ. સ. ૧૯૫૯ના શરૂઆતના સમયથી જ જૉન નૅશને માનસિક અસ્વસ્થતાનો અનુભવ થવા લાગ્યો હતો. તે માટેની સારવાર માટે જૉન નૅશ મૅસેચૂસેટ્સની મૅકલીન હૉસ્પિટલમાં દાખલ પણ થયા હતા. સાથોસાથ તેમણે એમ.આઈ.ટી.ની નોકરી પણ છોડી દીધી હતી. તેમને 'પેરાનૉઇડ સ્કીઝોફેનિયા' નામનો માનસિક રોગ થયો હતો. માંદગીના સમયગાળામાં તેમની પત્ની ઍલિસિયા સતત સેવાસુશ્રૂષા કરતી હતી. નોંધપાત્ર બાબત તો એ છે કે જૉન નૅશ સતત માનસિક અસ્વસ્થતા અનુભવતા નહોતા, આથી જ્યારે જૉન સ્વસ્થતાનો અનુભવ કરતા, ત્યારે પોતાના સંશોધનકાર્યમાં વ્યસ્ત રહેતા. પરિણામે એક વિચક્ષણ પ્રતિભાવન ગણિતજ્ઞ તરીકે તેમની પ્રતિષ્ઠા વધતી ગઈ હતી.



રમતના સિદ્ધાંતને સમતુલાના સિદ્ધાંત સાથે જોડીને અર્થતંત્રનું વિશ્લેષણ કરવાના કાર્યને જૉન નૅશે કરેલું ઐતિહાસિક કાર્ય ગણાયું. આ માટે એમને ૧૯૯૪માં, બે અન્ય અર્થશાસ્ત્રીઓ સાથે નોબેલ પારિતોષિક એનાયત કરવામાં આવ્યું હતું. નોબેલ પારિતોષિકમાં જે બે અન્ય અર્થશાસ્ત્રીઓ નૅશના ભાગીદાર હતા તે હતા જૉન હર્સાન્યિ અને રેનહાર્ડ શેલ્ટન.

અર્થશાસ્ત્રમાં નોબેલ પારિતોષિક ઉપરાંત તેમને જે અન્ય પારિતોષિકો એનાયત કરવામાં આવ્યાં છે તે છે 'જૉન વૉન ન્યૂમન થિયરી' પારિતોષિક (૧૯૭૮); અમેરિકન મૅથમૅટિકલ સોસાયટી દ્વારા અપાયેલ 'સ્ટીલે' પારિતોષિક તથા લુઈ નુરેમ્બર્ગ સાથે 'આબેલ' પારિતોષિક (૨૦૧૫). કરુણતા તો એ છે કે આ આબેલ પારિતોષિક સ્વીકારીને જૉન નૅશ તેમના પત્ની સાથે પાછા ફરતા હતા, ત્યારે જ માર્ગમાં અકસ્માત થતાં બંને દુર્ઘટનાના સ્થળે જ અવસાન પામ્યાં હતાં.

નોબેલ પારિતોષિક (૧૯૯૪) અને આબેલ પારિતોષિક (૨૦૧૫) એમ બંને પારિતોષિક પ્રાપ્ત કરનાર જૉન નૅશ આ એકમાત્ર અર્થશાસ્ત્રી છે. તેમનામાં ગણિત વિષયની અસાધારણ પ્રતિભા છતી થતાં તેમના શિક્ષકોએ તેમના અભ્યાસ સમયે તેમને 'પ્રજ્ઞાવંત' (genius) બિરુદ આપ્યું હતું. ગણિતશાસ્ત્રમાં શુદ્ધ સિદ્ધાંત (pure theory) તરીકે અગાઉથી સ્વીકૃતિ પ્રાપ્ત કરી ચૂકેલા 'રમતના સિદ્ધાંત' (game theory) પર પ્રયુક્ત (applied) ક્ષેત્રે નૅશે વિસ્તારથી સંશોધન કર્યું, જેમાં તેમણે અસાધારણ સફળતા મેળવી હતી. જૉન નૅશે તેમના સંશોધન દ્વારા એવું સાબિત કર્યું કે ભિન્ન ભિન્ન પરિસ્થિતિમાં પણ પરસ્પરની સમજૂતી દ્વારા સ્પર્ધાનું સુમેળભર્યું પરિણામ લાવી શકાય છે. કમનસીબે ૧૯૫૦–૮૫ના ગાળા દરમિયાન માનસિક રોગને કારણે તેઓ નિષ્ક્રિય રહ્યા હતા.

પ્રિન્સ્ટન યુનિવર્સિટીએ જૉન નૅશ માટે 'મુલાકાતી સંશોધક' (visiting Researcher)ની ખાસ જગા ઊભી કરી હતી. કાર્નેગી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજીના આર. એલ. ડફીનના વિધાન મુજબ ''This men is a genius.'' નૅશના ડૉક્ટરેટના માર્ગદર્શક એ. ડબ્લ્યુ. ટકરે વર્ષો પછી ડફીનના આ અભિપ્રાયને સંપૂર્ણ ટેકો આપ્યો હતો.

**– બી. એમ. મૂળે**





# વિસ્તરતાં અને વિકસતાં શહેરો : કેટલાક પડકારો

**૩.૧ શહેરી વસ્તી :**

૨૦૧૧ની સેન્સસ ગણતરી અનુસાર દેશની કુલ વસ્તીનો લગભગ ત્રીજો ભાગ ૩૭.૭૨ કરોડ લોકો, લગભગ આઠેક હજાર શહેરોમાં વસે છે. આ શહેરોમાં દ્વિઘટિત ભારત – ડાયકોટોમી – ઠેર ઠેર નજરે ચઢે છે. મુંબઈમાં એક તરફ 'ક્વીન્સ નેકલેસ' છે તો બીજી તરફ ધારાવી પણ છે. દિલ્હીમાં પણ ડ્રેનેજની સગવડ વગરનાં હજારો મકાનો છે. પેય જળ, રસ્તા રહેઠાણનું ખુલ્લાપણું અને મોકળાશ, શુદ્ધ હવા, વાહન-વ્યવહાર, શિક્ષણ સંસ્થા, સ્વાસ્થ્ય કેન્દ્ર, મેદાનો વગેરે બાબતો કોઈ પણ વસવાટ માટે આવશ્યક ગણાય. શહેરોમાં કેટલાક વિસ્તારોમાં આ પ્રકારની વત્તીઓછી સગવડો હોય છે, પણ મોટાભાગના વિસ્તારોમાં આ સગવડો આજે પણ નથી. શહેરોની આ પરિસ્થિતિ માટે અત્યાર સુધીની સરકારોની નિષ્ક્રિયતા અને ઉદાસીનતા પણ જવાબદાર છે. અગિયારમી પંચવર્ષીય યોજનાથી જવાહરલાલ નહેરુ અર્બન રિન્યુઅલ મિશન હેઠળ કેટલીક યોજનાઓ શરૂ થઈ, પરંતુ વસવાટ, આંતરમાળખાકીય સગવડો, ડ્રેનેજ, ઘન કચરાનો નિકાલ વગેરે જેવી અસંખ્ય જરૂરિયાતોની સામે સરકારી કામગીરી ઘણી ધીમી રહી. ૨૦૦૫-૧૪ દરમિયાન આ ક્ષેત્રે માત્ર રૂ. ૧૨૦૦ કરોડનું ખર્ચ થયું છે. વર્તમાન સરકારે પણ '૧૦૦ સ્માર્ટ શહેરો'નો વિચાર વહેતો મૂક્યો છે, પરંતુ જૂનાં શહેરોના ઘણા વિસ્તારો પાણી, સંડાસ, મકાન વગેરે જેવી પાયાની સગવડો પણ ધરાવતાં નથી.

સેન્સસની માહિતી અનુસાર વર્ષ ૨૦૦૧માં, શહેરોમાં ખુલ્લામાં સંડાસ જનારાનું પ્રમાણ શહેરી વસ્તીના ૧૮ ટકા હતું. જે ૨૦૧૧માં ઘટીને ૧૨.૬ ટકા થયું. કેન્દ્ર-સરકાર, ૨૦૧૯ સુધીમાં રૂ. ૧.૩૨ લાખ કરોડ ખર્ચીને ગામડાંનાં તમામ ઘરોમાં સંડાસની સુવિધા કરી આપવા વિચારે છે, પરંતુ શહેરોની સમસ્યા પણ નાનીસૂની નથી.

**૩.૨ જળસંકટ :** શહેરો વિસ્તરતાં જાય છે તેમ તેમ આજુબાજુનાં ગામો તેમાં સમાતાં જાય છે. આ ગામોનાં પોતાનાં તળાવો હતાં પણ તે શહેરી વસવાટ હેઠળ આવતાં જાય છે. હાલના અમદાવાદમાં જ આવી રીતે લગભગ ૨૦૦ તળાવડીઓ ગુમ થઈ ગઈ છે. ૧૯૧૧ અને ૨૦૧૪ના લગભગ સો વર્ષના ગાળામાં ભારતે પોતાનાં તળાવોના લગભગ ૫૦ ટકા ગુમાવી દીધાં છે. આનાં બે પરિણામો આવ્યાં છે. એક તરફ ભૂગર્ભ જળની પ્રાપ્યતા ઘટતી જાય છે તો બીજી તરફ ભારે વરસાદ થાય ત્યારે પાણીનો નિકાલ થઈ શકતો નથી. ૨૦૦૬માં ભારે વરસાદને કારણે ૨૨ શહેરોમાં પૂર આવેલાં તો ૨૦૧૪માં તેની સંખ્યા વધીને ૩૫ થઈ. ('અ ડાઉન ટુ અર્થ એન્યુઅલ : સ્ટેટ ઑફ ઇન્ડિયાઝ એન્વાયરન્મેન્ટ, ૨૦૧૫, ન્યૂ દિલ્હી, સં. સુનિતા નારાયણ તથા અન્ય)

બીજી તરફ વર્ષ ૨૦૨૫ સુધીમાં વધી ચૂકેલી વસ્તીને મળી શકે તેવા પેયજળનો જથ્થો

સરાસરી ધોરણે પણ માંડ પહોંચી વળે તેટલો હશે, ૨૦૨૫ પછી પાણીનો જથ્થો ઓછો પડવા માંડશે.

પાણીની સમસ્યા માત્ર પૂરતાપણાની જ નથી. ઉદ્યોગના કારણે તેમ જ અન્ય કારણોસર પણ પેયજળમાં રાસાયણિક સહિતની વિવિધ અશુદ્ધિઓનું મોટું પ્રમાણ, ખાસ કરીને શહેરોમાં જોવા મળે છે.

**૩.૩ શહેરો અને સ્વાસ્થ્યસંબંધિત સમસ્યાઓ :**

શહેરો વિકસે તેમ ઝૂંપડપટ્ટીઓમાં પણ વધારો થતો જાય છે. ગીચ વસવાટ અને ગંદકીને કારણે સ્વાસ્થ્યની સગવડો ભારે તાણ હેઠળ આવતી જાય છે. તાજેતરમાં જ વિદાય લઈ રહેલો 'સ્વાઇન ફ્લૂ' અને ઉત્તરપ્રદેશમાં શરૂ થયેલો 'બર્ડ ફ્લૂ' અને જાપાની ફ્લૂઆનાં ઉદાહરણો છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ વ્યક્ત કરેલી ચેતવણી અનુસાર, ઍન્ટિબાયોટિક દવાઓની અસરકારકતા ઘટતી જાય છે અને તેથી સંક્રમણને કારણે થનારા મૃત્યુનું પ્રમાણ પણ વધતું જાય છે.

પણ વિસ્તરતા શહેરીકરણને કારણે એક અન્ય સમસ્યા પણ ઊભી થઈ છે. ૨૦૧૪ના પાછલા મહિનાઓમાં પશ્ચિમ આફ્રિકામાં 'ઈબોલા'નો રોગચાળો ફેલાયો. આ રોગનાં અન્ય કારણોની સાથે એક કારણ જંગલોના વિનાશનું પણ હતું. જંગલો નાશ પામવાથી માત્ર હાથી, વાઘ, ગેંડા કે હરણનો જ નાશ નથી થતો, તેની સાથે સંકળાયેલી સજીવ સૃષ્ટિની શૃંખલા પણ વિચ્છેદિત બને છે અને એવા રોગો ફેલાવા માંડે છે કે જે હજુ સુધી માનવ સંજ્ઞાનની બહાર હોય. વળી શહેરો હેઠળ આવતી જતી જમીનોના કારણે જંગલો કપાતાં જાય છે. ગામનાં ગોચરો પણ ઉદ્યોગોની માલિકીનાં બનતાં જાય છે. આ બંનેને કારણે એક તરફ 'ઈબોલા' જેવા રોગચાળા ફેલાતા જાય છે બીજી તરફ દેશનું પશુધન પણ નાશ પામતું જાય છે. ('ચિંતનનો ચબૂતરો', લે. રોહિત શુક્લ)

**૩.૪ ઘન કચરો :**

શહેરોમાંથી ઉત્પન્ન થતા ઘન કચરાના નિકાલની વ્યવસ્થા ખામી ભરી છે. આથી ભારતમાં લગભગ તમામ મહાનગરોમાં આ સમસ્યા વિકટ બનતી ચાલી છે. ખરેખર તો આ સમસ્યા વિશ્વભરમાં શહેરીકરણની સાથે જોડાયેલી છે. ઇટાલીના નેપલ્સ શહેરમાં ૨૦૧૧માં 'રબિશ રાયટ્સ' ઉકરડા યુદ્ધ થયાં હતાં. ભારતમાં કેન્દ્ર-સરકારના પર્યાવરણ અને વનમંત્રાલયે છેક હમણાં, ઈ. સ. ૨૦૦૨માં – મ્યુનિસિપલ સૉલિડ વેસ્ટ (મૅનેજમેન્ટ ઍન્ડ હૅન્ડલિંગ) રૂલ્સ બનાવ્યા. જોકે તેના અમલમાં પુષ્કળ મર્યાદાઓ છે. ૨૦૧૪થી સરકારે 'સ્વચ્છતા અભિયાન' શરૂ તો કર્યું છે પણ ઘર, શેરીઓ કે ગામોને સ્વચ્છ કરીને તે કચરો ક્યાં નાંખવો અને તેનો યોગ્ય નિકાલ કેવી રીતે કરવો તે કામ હજુ વિચારવાનું બાકી છે. ઘણાં શહેરોમાં તેને કારણે કોર્ટ કેસ પણ થયા છે. (ક્રમશઃ)

**– રોહિત શુક્લ**

*(શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાનવિજ્ઞાન વ્યાખ્યાન-શ્રેણીમાં આપેલ વક્તવ્યમાંથી)*





## જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

◈ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની **શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી**ના ઉપક્રમે જૂન મહિનામાં નીચે મુજબ બે વ્યાખ્યાનો સાંજે **પાંચ વાગ્યે** યોજાશે.

**૧૭ જૂન, ૨૦૧૫, બુધવાર** : વિષય : હળવું કેમ ન જીવીએ ?
વક્તા : શ્રી નિરંજન ત્રિવેદી

**૨૪ જૂન, ૨૦૧૫, બુધવાર** : વિષય : મૈત્રીનો આનંદ
વક્તા : શ્રી સુરેશ કોઠારી

## લલિતકલાકેન્દ્ર

◈ **૧૩ જૂન ૨૦૧૫, શનિવાર, સાંજના ૫-૩૦ :**

ઓમ આર્ટ્સ ડાન્સ એકેડેમીના શ્રી સુપ્રભા મિશ્રા દ્વારા નરસિંહ મહેતાના વૈષ્ણવજનના ભજનની તથા શ્રી રમાકાંત રથની કૃતિ 'શ્રી રાધા'ના કેટલાંક અંશોની ઓડિસી નૃત્ય દ્વારા પ્રસ્તુતિ.

## સ્વાસ્થ્ય-યોગશ્રેણી

◈ **૨૧ જૂન ૨૦૧૫, રવિવાર, સવારે ૧૦-૦૦ :**

આંતરરાષ્ટ્રીય યોગદિન નિમિત્તે યોગશિક્ષિકા શ્રીમતી ભારતીબહેન મિસ્ત્રીનું 'આપણા જીવનમાં સામાન્યપણે થતી રોજિંદી તકલીફો અને તેના નિવારણ માટે યોગના પ્રયોગો' પર વ્યાખ્યાન આપશે. તેઓ અનિદ્રા, ગેસ, કબજિયાત, એસીડીટી તથા વારંવાર થતી શરદી જેવા રોગો વિશે વાત કરશે.

આ સમયે ગુજરાત વિશ્વકોશભવનની કલાવીથિકા (આર્ટ ગૅલરી)માં 'યોગાસનો તથા તેની ઉપયોગિતા' વિશેનાં ચિત્રોનું પ્રદર્શન તથા યોગવિષયક પુસ્તકોનું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું છે. આ પ્રદર્શન વિશ્વકોશભવનમાં ૨૨, ૨૩, ૨૪ જૂન, સાંજે ૪-૦૦ થી ૬-૦૦ ખુલ્લુ રહેશે.

## સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ અર્પણ-સમારોહ

◈ **૨૭ જૂન ૨૦૧૫, શનિવાર, સાંજના ૫-૩૦ :**

પ્રતિવર્ષ આપવામાં આવતો શ્રી ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ આ વર્ષે પ્રસિદ્ધ કળાકાર શ્રી કે. જી. સુબ્રહ્મણ્યન્‌ને અર્પણ કરવામાં આવશે. ગુજરાતી કે ગુજરાતમાં વસનાર કલાસર્જકની ઉત્કૃષ્ટ સિદ્ધિને બિરદાવવા માટે આ ઍવૉર્ડ એનાયત કરવામાં આવે છે, જેમાં એક લાખ રૂપિયાનો ઍવૉર્ડ, સ્મૃતિચિહ્ન વગેરે અર્પણ કરવામાં આવે છે. ૨૦૧૫નો આ ઍવૉર્ડ પદ્મવિભૂષણ કે. જી. સુબ્રહ્મણ્યન્‌ને જાણીતા સ્થપતિ શ્રી બી. વી. દોશીના હસ્તે અર્પણ થશે. આ પ્રસંગે શ્રી ગુલામ મોહમ્મદ શેખ, કે. જી. સુબ્રહ્મણ્યન્‌ની કલાયાત્રાનો આલેખ આપશે. આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે જાણીતા ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ટ્રસ્ટી અને કલાપ્રવૃત્તિઓના પ્રોત્સાહક તથા ઉદ્યોગપતિ શ્રી સી. કે. મહેતા ઉપસ્થિત રહેશે.